**Indian Journal of Modern Research and Reviews**

**This Journal is a member of the *'Committee on Publication Ethics'***

**Online ISSN:** 2584-184X

**Review Article**

# દુલેરાય કારાણીનું કચ્છી સાહિત્યમાં પ્રદાન

**AUTHOR(S): છરેચા અઝીઝ ઈબ્રાહીમ[1*]**

**DOI:** https://doi.org/10.5281/zenodo.12571304

**ABSTRACT**

કચ્છ અને કચ્છ પ્રદેશના લોકસાહિત્યની ઓળખ સૌપ્રથમ સંશોધનાત્મક દૃષ્ટિએ આપનાર કચ્છના મેઘાણી એવા દુલેરાય કારાણી. અનેક અર્થમાં એમનું કચ્છી લોકસાહિત્યમાં પ્રદાન આજે પણ અમૂલ્ય ગણાય છે. તેમના કેટલુંક સાહિત્ય અને ગ્રંથસ્થ કર્યા છતાં આજે પણ એમનું કેટલુંક સાહિત્ય અગ્રન્થસ્થ રહ્યું છે. કારાણી કચ્છનો ઇન્સાઇક્લોપીડિયા કહી શકાય.કચ્છની લોક કથાઓ અને કચ્છના લોકગીતો ઉપરાંત પણ કચ્છના લોકસાહિત્યની એક આગવી ઓળખ છે જે ગુજરાતના બીજા બધા પંથક કરતા નોખી પડે છે તે દુલેરાય કારાણી થકી વિશ્વ સમક્ષ આવી શકી એમ કહું તો અતિશયોક્તિ નથી. કચ્છી એક આગવી બોલી છે અને એનું પણ પોતાનો એક શબ્દકોષ અને વ્યાકરણ છે તે વાત કારાણીના અભ્યાસથી આપણે તારવી શકીએ છીએ..

**KEYWORDS:** કચ્છી સાહિત્ય**,** કચ્છી લોકસંસ્કૃતિ**,** કચ્છી લોકકથા**,** લોકગીત અને લોક પરંપરા

**INTRODUCTION**

કચ્છી સાહિત્યપરંપરા ઠીક ઠીક દીર્ઘ અને સમૃદ્ધ છે પરંતુ એમ જોવા મળે છે કે ઇતર પ્રદેશનો કચ્છી સાહિત્ય સાથેનો પરિચય ઘણુંખરું દુલેરાય કારાણીને લઈને છે.

ઇયત્તા અને ગુણવત્તા, ઉભય દૃષ્ટિએ દુલેરાય કારાણીની સાહિત્યપ્રવૃત્તિ ધ્યાન ખેંચે છે. એમનું પ્રથમ પુસ્તક 'કચ્છનાં રસઝરણાં' ઈ.સ. ૧૯૨૮માં પ્રગટ થયેલું. એ પછી 'કારાણી કાવ્યકુંજ'ના પાંચ ભાગ જુદાં જુદાં ઉપશીર્ષકો સાથે પ્રગટ થયેલાં છે. એ જ શીર્ષક હેઠળ ૩ ભાગના દોહનરૂપ કાવ્યોનો પણ એક સંગ્રહ પ્રગટ થયેલો છે. એમ તો અમુક કાવ્યો એક સંગ્રહમાંથી બીજામાં પુનર્મુદ્રિત થતાં રહ્યાં છે, એવી સ્થિતિ આ પાંચેય કાવ્યસંગ્રહોમાં છે. કવિના અમૃત મહોત્સવ પ્રસંગે 'કારાણીકુંજ' નામે એક પ્રતિનિધિસંગ્રહ પણ બહાર પડેલો છે. 'હરીજનબત્રીસી', 'કિસ્સાબાવની', 'કલ્યાણબાવની', 'કચ્છી મહાવીરબાવની' અને 'સોનલબાવની' નામે સળંગ કાવ્યગ્રંથો પણ એમણે આપેલા છે.

દુલેરાય કારાણીનું કાવ્યસર્જન મુખ્યત્વે કચ્છી ભાષામાં છે; જોકે, એમના દરેક સંગ્રહમાં કેટલીક ગુજરાતી રચનાઓ તેમજ જૂજ સંખ્યામાં વ્રજ ભાષાની રચનાઓ પણ સંગૃહીત છે; 'ગાંધીબાવની' પણ વ્રજ ભાષામાં છે.

**OBJECTIVE OF THE STUDY**

દુલેરાય કારાણીએ કરેલા સાહિત્યના પ્રદાનને જોવા જઈએ તો એમનું કચ્છી સાહિત્યમાં વિપુલ પ્રદાન છે. એમના કચ્છી સાહિત્યના વિવિધ ગ્રંથો આપણને મળે છે એ દરેક ગ્રંથોમાં કારાણી કઈ વાત કરી છે તેના વિશે એક સમીક્ષાત્મક લેખ તૈયાર કરવાનો ઉદ્દેશ્ય ધ્યાનમાં લઈને આ લેખ અત્રે લખેલ છે.જેથી કરીને એક લેખમાં કારાણીના સમગ્ર સાહિત્યિક પ્રદાનને વાચકો જાણી શકે.

*Article History*

- **ISSN**: 2584-184X
- **Received:** 25 May 2024
- **Accepted**: 22 June 2024
- **Published:** 26 June 2024
- **MRR:**2(6) June 2024: 13-16
- **©2024, All Rights Reserved**
- **Peer Review Process:** Yes
- **Plagiarism Checked**: Yes

*Authors Details*

**છરેચા અઝીઝ ઈબ્રાહીમ**
પી.એચ ડી સ્કોલર, સોરઠીયા નાકા,
શ્રીજી સેલ્સ એજન્સીના પાછળ,
અંજાર - કચ્છ

*Corresponding Author*

**છરેચા અઝીઝ ઈબ્રાહીમ**
પી.એચ ડી સ્કોલર, સોરઠીયા નાકા,
શ્રીજી સેલ્સ એજન્સીના પાછળ,
અંજાર - કચ્છ

© 2024 છરેચા અઝીઝ ઈબ્રાહીમ. This is an open access article distributed under the terms of the Creative Commons Attribution 4.0 International License (CC BY NC ND) https://creativecommons.org/licenses/by/4.0/

કારાણીની કવિતામાં વિષય, સ્વરૂપ અને શૈલીનું ઘણું વૈવિધ્ય છે, પરંતુ એક હકીકત તરત જણાઇ આવે છે કે એ પર કચ્છી કવિતાના પ્રચલન વલણોની મુદ્રા સ્પષ્ટ રીતે અંકિત થયેલી છે. ઝવેરચંદ માણીએ નોંધ્યું છે.: "'જગડુશા દાતાર'નું લાંબું કાવ્ય વાંચો ત્યારે એમ જ લાગે છે કે આ કોઇ નવી રચનાઓ નથી પણ અસલી લોકવિની જાળવી રાખેલી પ્રસાદી છે." આ વિધાન કારાણીની બીજી ઘણી કવિતાના સંદર્ભમાં યથાર્થ જણાશે.દીર્ઘતાએ દુલેરાયની કવિતાનું દેખીતું લક્ષણ છે. એમની વર્ણનાત્મક શૈલી એ માટે કારણભૂત છે. એમણે અજમાવેલા કવિતાના કોઇ પણ પ્રકારમાં આ જ શૈલી પ્રયોજાયેલી જોવા મળશે. આને લઇને કલ્પનાની ક્રિયાશીલતા પ્રતીક કે કલ્પનનો સર્જનાત્મક વિનિયોગ એમાં જોવા નહિ મળે. એમની કવિતાનું એ વલણ જ નથી.

વતનપરસ્તી એ કારાણીની કવિતાનો મુખ્ય સૂર છે. શ્રી જયમલ્લ પરમારે યથાર્થ જ કહ્યું છે કે "કદાચ વતનપ્રેમની ચેતના જ એમની કવિતાનું પ્રેરક બળ બન્યું છે. કચ્છની ભૂમિ, એનું પર્યાવરણ,એની પ્રજાકીય અસ્મિતા, વાણી, ઇતિહાસ, સંસ્કૃતિ, પરિવર્તનો, કેટકેટલા સંદર્ભમાં કેવી કેવી રીતે એમનો વતનપ્રેમ વ્યક્ત થયો છે! તે પ્રસિદ્ધ કાવ્ય 'ભુજિયો'માં અને 'બોલે તો પારીઓ પદ્ધરજો' માં માતૃભૂમિનું ગૌરવગાન ગવાયું છે. તો 'પાંજો વતન', 'માજી માની' અને 'બાબાણી બોલી' માં ઉત્કટ મમત્વભાવ વ્યક્ત થયો છે. 'વતનજી તવાર' માં અદના કચ્છી માડુની લાગણી ઝળકે છે. 'ઢગેંજી ધોડ'માં ઉત્સવનો આનંદ ઊભરાય છે. 'પાણી'માં વ્યંગ્યાર્થ છે. તો એના નિદર્શનરૂપ પાત્રો અને પ્રસગો 'કચ્છજો પાણી'માં છે. 'ભુજનગર' અને 'કેરે કોટજી આમરી ' સ્થળવિશેષનાં કાવ્યો છે. આ બધી રચનાઓમાં કચ્છના ઐતિહાસિક-ભૌગૌલિક-સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્ય સાથે અની વિલક્ષણતા અને વિશિષ્ટતાનો વણાટ થયેલો છે. એમાં ક્વચિત્ રૂઢ , અલંકાર જોવા મળશે પરંતુ વ્યંજનાનો લાભ લેવાયેલો જણાશે નહિ 'ધ્રબવો અને નનામું 'તથા 'ભુખઇ અને કેવડી'માં પ્રતીકાર્થનું આરોપણ પદ્ય સીધેસીધા બોધનો સરળ હેતુ ધરાવે છે.'ભુજિયો' અને 'કેરે કોટજી આમરી'માં નાટ્યાત્મક પ્રયુક્તિથી ભાવાભિવ્યક્તિને અસરકારક બનાવવાનો પ્રયત્ન છે.

પ્રસંગવિશેષ કે ચરિત્રવિશેષનું નિરૂપણ કરતાં કાવ્યોમાં પણ હેતુ તો આ ભૂમિનો મહિમા કરવાનો જ છે. 'કક્કલજી કુરબાની, 'સાવજજો સિકાર', 'શાહ દાતાર', 'જગડુશા દાતાર', 'કચ્છડેજા નરવીર', 'બાનીનો બલિદાન અથવા કછ પન્ના ઝીકડી', 'અબડો અડભંગ', 'ઝારેજો જંગ', 'ખોંધજી ખાંભી', 'ઝારેજી જુદ્ધભૂમિતેં', 'ઢોસી' આ પ્રકારનાં દૃષ્ટાન્તો છે. પ્રસંગને ખીલવવાની ફાવટ એમાં દેખાઇ આવે છે. આ હેતુથી ઘણી વાર સંવાદયોજના પણ કરવામાં આવી છે. 'લાખો ફૂલાણી અને જસમા ઓડણ' જેવી કૃતિ પ્રસંગકાવ્યથી વિકસીને કથાકાવ્ય બને છે. 'રાજયોગી ગોપીચંદ ગાથા', 'માલવભૂમિજો મહારાજા', 'રાજી હરચંદજી રાડ', 'દ્રૌપદીજી પુકાર', કચ્છના ઇતિહાસને છોડીને લખાયેલા આ પ્રકારનાં કાવ્યો છે. આ પ્રકારનાં કાવ્યોનું વસ્તુ વીર, શૃંગાર, કરુણ અને હાસ્યરસને અવકાશ કરી આપે છે. આ રસનિરૂપણ ખાસ તો કથારસ જમાવવામાં ઉપયોગી નીવડે છે. અનુરૂપની બાની પણ એમાં પ્રયોજાઇ હોય છે.

સ્વભાવોક્તિનો પ્રયોગ આ કવિ સારો કરી જાણે છે. શબ્દચિત્રોમાં પણ તેમનું કવિત્વ ઝળકે છે. નિરૂપણ રસપ્રદ બલકે મનોરંજક બને એ માટે ભાષાની પ્રાસાદિતા, છંદોની સફાઇ અને પ્રવાહિતા અને શબ્દાલંકારો પર પણ તેઓ મદાર બાંધે છે, કટાવ અને કવિત જેવા છંદો તેમજ સંગર, બેત અને દોહરા જેવા પ્રકારોએ પણ આમાં એમને અનુકૂળતા કરી આપી છે. કથન એથી છટાદાર બને છે. 'આપણી કવિતાસમૃધ્ધિ'માં જેનો સમાવેશ કરીને બ.ક. ઠાકોરે દુલેરાય કારાણીની કવિપ્રતિભાનો સ્વીકાર કર્યો હતો એ 'ઝારાનું મયદાને જંગ', ઉપરાંત 'પુંઅરાનાં પદ્ધર ગઢને'માં તેમજ 'કચ્છધરણી', 'ગરવી કચ્છધરા ગુણવંત' જેવી ગુજરાતી ભાષાની રચનામાં પણ તેમની આ શક્તિના દર્શન થશે.

'કિસ્સાબાવની'ના પદ્યબધ્ધ ટુચકાઓ પણ મનોરંજનના હેતુસર જ લખાયા છે. ઉક્તિવૈચિત્ર્ય, એકાક્ષરી, અનેકાર્થી અને સાભિનય અભિવ્યક્તિ ધરાવતાં કાવ્યો પણ આ જ હેતુ ધરાવે છે.બોધાત્મક વચનોથી કે દુન્યવી પરિસ્થિતિ અને લોકવ્યવહારોનો ચિતાર આપતી વાણીથી પણ દુલેરાય કારાણી લોકાનુસંધાન સાથે છે. સીધીસપાટ બાની પણ ભાષાપ્રભુત્વને લઇને, કવચિત્ સચોટ દ્રષ્ટાંતની મદદથી અસરકારક બની છે. ક્ષણભંગુરતાનો અને નશ્વરતાનો ભાવ વ્યક્ત કરતી 'તેંકે કેતરી વાર? 'અને 'તું જ ન હુને હિતે '; સંકુચિત જનસમાજને વક્રતાથી કે ઉદાસીનભાવે રજુ કરતી 'તેમેં પણ પઈ ધૂડ' કે 'કેડો લા ને સા?','ન્યારે ગિન ?' દુનિયાદારીના અનુભવના નિચોડરૂપ 'સમજ કે માર', 'આય વડપકે માર', 'મણીયાં મિઠ્ઠી માઠ'
, 'વણઝારા વહી વેંધા', 'અખિયું', 'નોત્તો રે', 'કડે કીં, કડે કીં ', 'હી તમાસો ચાર ડી', 'મો-સપ પણ ફણ ખણે', મૂલ્યબોધ કરતી 'ચારેં સે લેખા ન વેં'આના નિદર્શનો છે. લોકમાનસ, જનસમુહ,વલણ કે દુન્યવી વ્યવહારોને લગતા આ જ પ્રકારના વિષયોનું વ્યંગાત્મક નિરૂપણ પણ કેટલીક રચનાઓમાં થયેલું છે, જેમ કે 'પાંજે કુરા ?','પેટની ઠાઠ', 'પેટલીલા', 'મુન્જો ઠાઠ કુઠાઠ', 'કેં ડિઠી આય કાલે ?', 'રિઢેં વટે રભાતી', 'ડરેજો ડાયરો', 'ધુક્કો અને ધડકી' આની સાથોસાથ 'ઘિલ્લી જુરઈ', 'ધુફીજા ઘરબાર', 'અમલજે ઘેનમેં', 'કંજુસજો કરાર', 'પાવૈયેજી લૂંટ', 'મા'તજી ગધી' જેવી રચનાઓમાં હાસ્ય, અને ક્યાંક કટાક્ષની ધાર પણ જોવા મળશે.

'મુંબઈની માહિની'માં યંત્રોદ્યોગનો પ્રભાવ,માનવજીવનનું શહેરીકરણ, પારસ્પરિક વ્યવહારમાં જોવા મળતી યાંત્રિકતાનું નિરૂપણ છે, જે આ સમાજમાં અતડા પડી જતા કચ્છી માડુની દૃષ્ટિએ થયેલું છે, એટલે એમાં એનું સંવેદન પણ ભળેલું છે. 'ઊ પણ ન્યારે, હી પણ ન્યાર !','કારે મથે જો માનવી' પણ આ દૃષ્ટિએ જોવા જેવી છે. 'ચાય અને છાય' જેવી બહુ લોકપ્રિય નીવડેલી હળવી રચનામાં પણ જીવનવ્યવહારમાં આવેલું આ પરિવર્તન જોઈ શકાશે. 'કોયલ અને કાગડી' પણ અન્યોક્તિથી આ હેતુ સિદ્ધ કરે છે. આ કૃતિઓનું સંવાદાત્મક સ્વરૂપ પણ એને લોકભોગ્ય બનાવે છે.

કચ્છી પ્રજાના અમુક વિશિષ્ટ પ્રશ્નને વાચા આપતી 'પાંજી પરિષદ', 'સુવરોજો સીતમ', 'ઢીંગલો' જેવી પ્રાસંગિક રચનાઓ, ઉપરાંત દેશવ્યાપી સમકાલીન પરિબળો સાથે સંબંધ ધરાવતી 'ચોપગેંજી ચોવટ' અથવા 'આઝાદીની કિંમત', 'હંસલો','હરિજનની હાય અથવા સનાતની સુધારક', 'મૂડી અને મજુરી', 'ભૂમિદાન', 'હવા ખેંતા !', 'સુતર કતે ડે' જેવી રચનાઓ પણ આ કવિ પાસેથી મળી છે. એમાં ક્યાંક અન્યોક્તિનું રૂપ આપીને કથ્યને વેધક બનાવાયું છે તો ક્યાંક સંવાદનું રૂપ આપીને જીવંત.

'સતનો સાગર' અને 'જંગીની ઝુંપડી' ગાંધીજીને અંજલિ આપતાં કાવ્યો છે, અને 'જીવતી દીઠો ' કચ્છ હમદર્દ સ્મિથસાહેબને સ્મરણાંજલિ અર્પતી શોકનો ઉપચય કરતી કૃતિ છે. 'વિસરે કિં?' ,'કાગડો બોલે તો કબ્રસ્તાન મેં' , 'ઊજળ નગરી', 'વડલેજો ઠુઠો' અતીતનું સ્મરણ કરીને શોકાનુભવ વ્યક્ત કરતી રચનાઓ છે. માતાને

© 2024 છરેચા અઝીઝ ઇબ્રાહીમ. This is an open access article distributed under the terms of the Creative Commons Attribution 4.0 International License (CC BY NC ND) https://creativecommons.org/licenses/by/4.0/

આશ્વાસન આપતા મરતા બાળકનું ગીત' 'ઘિલધારી' આ પ્રકારનાં કાવ્યોમાં વિશિષ્ટ છે. ખારવણનું વિલાપગીત 'વાલમ ! તોજો વાણ ન આયો !'એક લાક્ષણિક પરિવેશ રચે છે. 'મલ્લણી જા મરસિયા'માં મરસિયાનો પ્રકાર અજમાવાયો છે. 'માજી યાદ', 'માતૃસ્મરણ'માં શોકભાવ વિશેષપણે અંગત રૂપ લે છે.

પત્નીના અવસનિમિત્તે લખાયેલી 'સોનલબાવની'માં અંગત ઊર્મિ કરુણપ્રશસ્તિ સ્વરૂપે વિકાસ પામી છે.કચ્છી ભાષામાં લખાયેલી આ કુલ એંસી કવિતાઓની રચના છે. એમાંથી ચુમાળીસમાં સદ્ગતની પ્રશસ્તિ કરવામાં આવી છે. એકલવાપાપણાનો ભાવ આત્મલક્ષી ઊર્મિને તીવ્રતાથી વ્યક્ત કરે છે :

'મોરલા રે ! મુંકે ડે તોજો કોડીલો કંઠ,
મુંજી રીસાયાલી વડરીકે
છેલાછેલા સડ કરે ગિના.'

શોકોદ્ગારથી ઊર્મિનું પોત ક્યાંક પોચટ પડી ગયેલું જણાશે. વૃત્તિમય ભાવાભાસની રીતે પ્રકૃતિનિરૂપણ પણ થયેલું છે. મૃત્યુનું રહસ્ય અને તેની અનિવાર્યતા સમજાતાં ઉત્તરાર્ધમાં સંક્ષોભ શમે છે.

અંગત ઊર્મિનું પ્રસન્નમપુર રૂપ 'માજ્યું મિઠિયું' અને 'અખ ફરકે' જેવાં કાવ્યોમાં જોવા મળશે. 'કુંભાર', 'માલી', 'કંજૂસ કાકા', 'સમજી સંપત', 'ડોસો', 'શિકાયત' જેવાં ચિત્રકાવ્યો પણ ઊર્મિકાવ્યો જ છે. 'સેણેજી સફર' અને 'કારાયલ' જેવા અપવાદ બાદ કરતાં કારાણીનાં ઊર્મિકાવ્યોમાં પ્રણયનિરૂપણ વિરલ છે.

પ્રકૃતિ અને અધ્યાત્મનું નિરૂપણ કરતાં કાવ્યો ઠીક ઠીક સંખ્યામાં મળે છે. એમાં વૈવિધ્ય પણ સારા પ્રમાણમાં છે. એમાં 'મિઠો મુલક મલબાર ડિઠો' અને 'કાશ્મીરદર્શન' (ગુજરાતીમાં) જેવાં પ્રવાસકાવ્યો છે તેમ 'આવરની ફૂલ' અને 'ધરીઆલાલ' જેવાં કચ્છની ભૂમિનો અનુબંધ સાચવતાં કાવ્યો પણ છે. 'વનવિનય', 'જાસના', 'આમેં જે ઝાડકે' સાથે આપણા પરંપરાગત સંસ્કારો જોડાયેલા છે. 'વનજે વઢીલકે', 'વડલો'માં પર્યાવરણનો પ્રશ્ન ધ્યાનમાં રહેલો જણાય. 'વડરીકે', 'આસાઢી મેઘ', 'સારંગ' પરંપરાગત રીતે લખાયેલાં ઊર્મિકાવ્યો છે. 'તિડકેજા ફુલડા', 'ન્યારતાં ખરો', 'ન્યાર જરા !' આધુનિક દષ્ટિનો અણસાર આપતી રચનાઓ છે. 'હોડી કે હંકાર', 'માર હલેસાં માર', 'કોયલ, બોલ તૂ !', 'સુગરી રાણી', 'સમરા રાણી' કર્ણપ્રિય ગીતો છે. 'ખેતરે નીલાછમ' અને 'સિંજાજા રંગ' વર્ણનાત્મક કાવ્યો છે. અહીં પ્રકૃતિવર્ણનમાં કલ્પનાની ઝલક અને ચિંતનનો ચળકાટ દેખાશે. ચિંતનનું તત્ત્વ 'સાંજી તારો' જેવી મુક્તકશૈલીની રચનામાં, 'રાત અને પરભાત'માં અને 'પકલ પનજો ગીત'માં રસાયેલું છે. 'ચરૈવેતિ ચરૈવેતિ', 'હેકલો', 'કેર કુરો ચેતો' રૂપકાત્મક કાવ્યો છે. ગુજરાતીમાં પણ કારાણીએ વન, વસંત, ધૂમકેતુ વગેરે વિષયો લઈને પ્રકૃતિકાવ્યો લખેલાં છે.

અધ્યાત્મચિંતનનાં કાવ્યોમાં 'ઈ પણ હિકડી આય પિરોલી', 'અનાહત નાદ', 'આય પણ ને નાંય પણ', 'પ્રેમમસ્તી' જેવાં રહસ્યાત્મક અનુભૂતિ વ્યક્ત કરે છે, તો 'આઉત્તું', 'કિત્તે ?' 'પનાપનમેં', 'તિત તું જાધ અચે', 'મન તું...', 'તદ્ દૂરે તદ્ વન્તિકે' પરમતત્ત્વની ઝાંખીને રજૂ કરતી રચનાઓ છે. 'ઝૂંપડી', 'હિકડી પલ, 'બેડલી', 'મુંજો બેડો પાર', 'મુંજો ખેલ ખલાસ', 'દાતારનાં દાન', 'નાસ્તિક', 'સોણું', 'રામજો નાં' 'સેલેંજા સોણા', 'સર્વવ્યાપક',' અંતરમેં ત્યાર તૂ !', 'હે કરુણાધન', 'હે જગનાથ !' ભક્તિસંવેદન અને ભક્તિબોધની રચનાઓ છે. કૃષ્ણભક્તિની પણ અનેક કચ્છી-ગુજરાતી રચનાઓ કારાણીએ કરેલી છે.

'માડ્રો મન', 'આયા અને હલેઆ વેઆ', 'ઈ પણ કેડી ગાલ કમાલ", 'ડી ડિસજે તો થોડો', 'મ કર માનવી !' 'મોતની મુલાકાત', 'ખોપરીયું ત્યું ખિલે', 'માતા અને મોત', 'જીવન અને મોત' જીવન અને જગત વિશેનાં ચિંતનાત્મક-બોધાત્મક કાવ્યો છે.

'મિઠે મૅરાણજા મોતીડાં' વિવિધ વિષયનાં મુક્તકોનો સંચય છે.

આ રીતે દુલેરાય કારાણીએ કથાત્મક તેમજ સંવાદાત્મક કાવ્ય અને ઊર્મિકાવ્ય, એમ કવિતાનાં બેઉ સ્વરૂપોને ખેડ્યાં છે. દીર્ઘકાવ્ય અને મુક્તક કાવ્ય, એમ ઉભય ફલક પર કામ કરેલું છે. ખ્યાત તેમજ કાલ્પનિક વસ્તુ-નિરૂપણ કરતાં કાવ્યો લખેલાં છે. લોકસાહિત્યમાં પ્રચલિત કાવ્યપ્રકારો, છંદો, સંસ્કૃતવૃત્તો, કરુણપ્રશસ્તિ, ગીત, ગઝલ – એમ વિવિધ પ્રકારો અજમાવ્યા છે; એક બાજુ મુસદ્દ્સ જેવા ફારસી પ્રકાર અને બીજી બાજુ સંગર જેવા કચ્છી પ્રકાર પર કલમ ચલાવી છે. એમના પદ્ય અને પ્રકૃતિનું સહજ માધ્યમ કચ્છી ભાષા છે, પરંતુ એમના દરેક સંગ્રહમાં ગુજરાતી વિભાગ પણ છે, અને વ્રજ ભાષાની રચના પણ. આ ગુજરાતી રચનાઓ પણ ભાવ અને તેની અભિવ્યક્તિની દૃષ્ટિએ ઘણે અંશે કચ્છીની નજીક જણાશે. એમની કવિતા એક બાજુ લોકસાહિત્ય, સંત મેકણ તો બીજી બાજુ કલાપી, નાનાલાલ, મેઘાણી, સુંદરમનીઅને ક્વચિત્ વર્તમાન કવિતાના તેમજ રીતિકાલીન હિંદી કવિતાના સંસ્કાર ઝીલે છે. દુલેરાય કારાણીનું કાવ્યસાહિત્ય દેશના સરહદી પછાત વિસ્તારની એક ગૌણ ભાષામાં કેટલી સર્જનાત્મક શક્યતા અને ક્ષમતા છે તેનો જીવતોજાગતો પુરાવો છે.

દુલેરાય કારાણીએ કચ્છી ગદ્ય પણ ખેડ્યું છે. 'જાડેજા ખેંગાર'(દ્વિઅંકી), 'જગ, દાતાર', 'જામ અબડો' અને 'ઝારેજો જુદ્ધ' એ ચાર નાટકો એમણે લખેલાં છે. એનું વસ્તુ ઇતિહાસ પર આધારિત છે. જોકે, ભજવણીની દૃષ્ટિએ કેટલાક અંશો વિચારણીય છે. જૂની રંગભૂમિની પતિએ લખાયેલો આ નાટકોના સંવાદોમાં કવિત, સંગર, ગીત અને કચ્છી-સિંધી બેતોનો પ્રયોગ થયેલો છે, તેમ હાસ્ય પણ પિરસાયું છે. લોકસાહિત્ય પર આધારિત વીર અને અદ્ભુત રસની કથાઓ 'કચ્છ કથામૃત' અને 'કચ્છની રસધાર'માં સંગૃહીત છે. 'કચ્છની પ્રેમકથાઓ', 'જામ ચનેસર', 'જામ રાવળ', 'જામ લક્ષરાજ', 'જમ અબડો અડભંગ' પણ એમના વાર્તાસાહિત્યમાં સમાવિષ્ટ છે.

'કચ્છ કલાધર' એ કચ્છના સળંગસૂત્રિત પ્રાચીન ઇતિહાસનો ગ્રંથ છે, તો 'કચ્છના સંતો અને કવિઓ' સંપાદનદ્રષ્ટિએ, સંશોધન-દૃષ્ટિએ મૂલ્યવાન એવો અભ્યાસીઓ માટે અનિવાર્ય ગ્રંથ છે. પછીથી 'કચ્છના સંતો' અને 'કચ્છના ભક્તિમાન કવિઓ', 'જાડેજા દેવાજીની દેવવાણી' એવા લઘુગ્રંથો પણ એમણે બહાર પાડ્યા છે.

કચ્છના લોકસાહિત્યના સંપાદનનું ગંજાવર કાર્ય દુલેરાય કારાણીના હાથે થયું છે. અને એકવીસ વિભાગમાં વહેંચી 'કચ્છનું લોકસાહિત્ય' નામ એ ગ્રંથનું પ્રકાશન થયું છે અને પછી 'કચ્છી બાલ આખાણી', 'કચ્છની કહેવતકથાઓ', 'કચ્છની રમૂજ કહેવતો', 'કચ્છી કહેવતો', 'કચ્છી પિરોલી', ' કચ્છનું વિવિધલથી લોકસાહિત્ય' તેમજ 'કચ્છના મહાન સંત: મેકણદાદા', 'જમાદાર ફતેહ મહમ્મદ' જેવા પુસ્તકો પણ એમણે તૈયાર કરેલાં છે. અલબત્ત, આ બધાં પુસ્તકોમાં એકની એક સામગ્રી સંપાદિત અને પુનર્મુદ્રિત થતી રહી હોય એમ પણ બન્યું છે.

© 2024 છરેચા અઝીઝ ઈબ્રાહીમ. This is an open access article distributed under the terms of the Creative Commons Attribution 4.0 International License (CC BY NC ND) https://creativecommons.org/licenses/by/4.0/

દુલેરાય કારાણીએ અનુવાદવૃત્તિ પણ કરી છે. 'રસાલો શાહ અબ્દુલ લતીફો' અને 'શાયર નઝીર' એમનું આ પ્રકારનું કાર્ય છે. "પા પા પગલી' જેવું ભાષાશિક્ષણનું પુસ્તક એમણે આપેલું છે તો 'કચ્છી ગુજરાતી શબ્દકોશ' પણ.

'સંસ્મરણો કલ્યાણચંદ્ર મ.સા.ના.', 'દૃષ્ટાન્ત રત્નાકર' અને 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' જેવાં પુસ્તકો પણ તેમની પાસેથી મળ્યાં છે. કચ્છ સરકારનાં પ્રકાશન 'કચ્છ સમાચારપત્રિકા' અને 'જૈન ચારિત્ર્યરત્નાશ્રમ' (સોનગઢ)ના મુખપત્ર 'સમયધર્મ'ના તંત્રીપદે રહીને એમણે પત્રકારત્વ પણ ખેડ્યું છે.

સંસ્થા વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઇનિંગ ઇન્સ્ટિટયૂટની સાહિત્ય પાંખ વિવેકગ્રામ પ્રકાશનના રજત જયંતી વર્ષ નિમિત્તે દુલેરાય કારાણીના વૈવિધ્યસભર સાહિત્યમાંથી વિવિધ કૃતિઓ પસંદ કરીને `દુલેરાય કારાણી સાહિત્ય વૈભવ'ના નામે વિશિષ્ટ ગ્રંથ પ્રકાશિત કરીને કચ્છના સાહિત્ય જગતમાં એક નવું પરિમાણ ઉમેરવાનું આયોજન પણ થયું છે. દુલેરાય કારાણીના વિવિધ પુસ્તકોમાંથી પસંદગીની કૃતિઓનું સંકલન કરીને પ્રકાશિત થનારા આ ગ્રંથમાં કારાણીની વાર્તાઓ, કારાણીના ગુજરાતી, કચ્છી, હિન્દી કાવ્યો, કારાણીની બાવનીઓ તેમજ કારાણીના પ્રકીર્ણ સાહિત્યનો સમાવેશ થયો છે.

૨૬-૦૨-૧૮૯૬ જન્મેલાં અને ૨૬-૦૨-૧૯૮૯ના આ જગત છોડી જનાર કારણીની જન્મતારીખ અને અવસાન તારીખનું સામ્ય એમની કચ્છના સાહિત્ય સર્જન પરત્વેનો જાણે યુગ કર્તવ્ય કરવા આવેલ વ્યક્તિ વિશેષની તરીકેનો અંગુલીનિર્દેશ કરે છે.

આટલા વિપુલ અને વૈવિધ્યપૂર્ણ સાહિત્યને લક્ષમાં લઇને સમગ્રપણે દુલેરાય કારાણીના પ્રદાનનું જે મહત્ત્વ છે તે સાંસ્કૃતિક છે એમ કહી શકાશે. એક અંગ્રેજે – પ્રસિદ્ધ ઇતિહાસકાર અને લેખક એલ. એફ. રશબ્રુક વિલિયમ્સે કહ્યું છે.:

'And in the cultural sphere, the man who has done the most to fit Kutchi culture into the main Indian culture scheme is Shri Karani. It is largely due to his pioneering work in linking the Kutchi language with the other great language of India, and in bringing to light the treasures of Kutchi literature and Folklore, that the world has begun to appreciate the value of the Kutchi contribution to varied and wonderful Indian cultural heritage.'

## CONCLUSION

કારાણીના કચ્છી લોકસાહિત્યનો અભ્યાસ કરતાં એક વાત તો તારવી શકાય કે કારાણી વિના કચ્છના લોકસાહિત્યનો અભ્યાસ અધૂરો છે. એમના પ્રદાન થકી કચ્છી લોકસાહિત્ય સમૃદ્ધ છે. એ વાત પણ માનવી જ પડે કે કારાણીથી પ્રેરાઈને ત્યારબાદના કચ્છના અનેક લોકોએ કચ્છના લોકસાહિત્યમાં રસ લીધો અને અભ્યાસ કર્યો.કચ્છી સાહિત્ય પરત્વેના અભ્યાસમાં કોઈ પણ પ્રકારના ઇનામ કે પ્રોત્સાહનની એમને લગીરે મહેચ્છા ન હોતી. કેવળ પોતીકા પ્રદેશના મમત્વ અને આત્મીય ભાવથી પ્રેરાઈને આટઆટલું પ્રદાન કર્યું છે. એમના કચ્છ પ્રદેશ પ્રત્યેના અહોભાવને જોતા એમણે અનેક લોકોને કચ્છને જાણવા અને સમજવાની માટેની પોતાના સાહિત્ય થકી માર્ગસૂચક આંગળી ચીંધી આપી છે એમાં બેમત નથી.

## REFERENCES

૧) દુલેરાય કારાણી સાહિત્ય વૈભવ ; સંપાદક : કાંતિ ગોર અને રવિ પેથાણી

૨) કચ્છડો બારેમાસ : દુલેરાય કારાણી.

૩) સાર્થ કચ્છી કહેવતો : દુલેરાય કારાણી.

૪) કચ્છના સંતો અને કવિઓ : દુલેરાય કારાણી.

૫) લોક સંસ્કૃતિના કલાધરો : જયમલ્લ પરમાર.

૬) કારા ડુંગર કચ્છ જા : દુલેરાય કારાણી.

**Creative Commons (CC) License**

This article is an open access article distributed under the terms and conditions of the Creative Commons Attribution (CC BY 4.0) license. This license permits unrestricted use, distribution, and reproduction in any medium, provided the original author and source are credited.

© 2024 છરેચા અઝીઝ ઈબ્રાહીમ. This is an open access article distributed under the terms of the Creative Commons Attribution 4.0 International License (CC BY NC ND) https://creativecommons.org/licenses/by/4.0/